RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 98* Date: 04.02.2022 Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂએ વ્યક્ત કરી ખુશી

## રાજ્યસભામાં લાંબા સમય બાદ વગર કોઈ હંગામે થઈ ચર્ચા,

,નવીદિલ્હી,તા.૩

નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા બજેટની રજૂઆત સાથે જ બજેટ સત્રની શરૂઆત થઈ ગઈ. એ પહેલા રાષ્ટ્રપતિનું અભિભાષણ યોજાયું હતું. જેના પર ૨ ફેબ્રુઆરીએ બંને ગૃહમાં ચર્ચા થઈ હતી. જો કે, લાંબા સમય બાદ સંસદમાં કોઈપણ હંગામા વિના ચર્ચા પૂર્ણ થઈ હતી અને ગૃહ સુચારૂ રીતે ચાલ્યું હતું. તેને લઈને હવે રાજ્યસભાના અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ પણ આ અંગે ખુશી વ્યક્ત કરી છે.

ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ રાષ્ટ્રપતિના અભિભાષણ પરની ચર્ચા પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે, ઘણા લાંબા સમય બાદ ગઈકાલે રાજ્યસભામાં કોઈપણ હંગામા વિના કાર્યવાહી પૂર્ણ થઈ. રાષ્ટ્રપતિના અભિભાષણની જે રીતે ચર્ચા થઈ, તેને જોઈને હું ખૂબ જ ખુશ છું. હું આશા રાખું છું કે સત્રના આગામી દિવસોમાં પણ આ જ ભાવના દેખાશે.

૨ ફેબ્રુઆરીએ રાજ્યસભા અને લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા થઈ હતી. બીજેપી સાંસદોએ તેને ખૂબ જ સારું અને લોકોના હિતમાં ગણાવ્યું, જ્યારે વિપક્ષે ઘણા મુદ્દાઓ પર સરકારને ઘેરી લીધી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં વધતી બેરોજગારી, ભારત-ચીન સરહદ વિવાદ, ગરીબી, ખેડૂતો અને આવા અનેક મુદ્દાઓ પર સરકારને ઘેરી હતી. તેમણે કહ્યું કે સરકારે વાસ્તવિક મુદ્દાઓને લઈને કંઈ કર્યું નથી. રાહુલ ગાંધી ઉપરાંત રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકાર પર આવા જ આક્ષેપો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે પીએમ મોદીએ વડાપ્રધાન બન્યા બાદ લોકોને છેતર્યા છે. ખડગેએ કહ્યું કે, જ્યારે વડાપ્રધાને કહ્યું હતું કે દર વર્ષે ૨ કરોડ નોકરીઓ આપવામાં આવશે, ત્યારે તે નોકરીઓ ક્યાં ગઈ? હવે બજેટમાં કહેવામાં આવ્યું છે કે આગામી પાંચ વર્ષમાં ૬૦ લાખ નોકરીઓ આપવામાં આવશે, આ લોકો સાથે છેતરપિંડી છે.

### રાજયસભામાં આજે કોંગ્રેસના સાંસદ રિપુન બોરાએ આરોપ લગાવ્યો

## સરકારને નેતાઓ -જજો પર વિશ્વાસ નથી : કોંગ્રેસનો આરોપ



નવીદિલ્હી,તા.૩

રાજયસભામાં આજે કોંગ્રેસના સાંસદ રિપુન બોરાએ આરોપ લગાવ્યો છે કે સબકા સાથ,સબકા વિકાસ,સબકા વિશ્વાસનું સુત્ર આપનાર મોદી સરકારને પોતાના મંત્રીઓ, ન્યાયાધીશો અને વિરોધ પક્ષના નેતાઓ પર જ વિશ્વાસ નથી આથી તેમના પર નજર રાખવા માટે પેગાસસ સ્પાઇવેયરનો ઉપયોગ કર્યો છે.તેમણે દાવો કર્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમ કહી દેશને ગુમરાહ કર્યું છે કે સ્પાઇવેયરનો ઉપયોગ કરવામાં આવ્યો નથી.રાજયસભામાં રાષ્ટ્રપતિ અભિભાષણના ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસ સાંસદ રિપુન બોરાએ કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર સબકા સાથ,સબકા વિકાસ,સબકા વિશ્વાસની વાત કરે છે તેમણે કહ્યું કે તમનો (સરકારનો) વિશ્વાસ તમારા મંત્રીઓ, ન્યાયાધીશો અને વિરોધ પક્ષોના નેતાઓ પર નથી આથી તમે વિદેશથી સ્પાઇવેયર મંગાયા.. પેગાસસ મંગાવ્યા અને લગાવી દીધા.આસામ રાજયથી કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કરનારા બોરાએ દાવો કર્યો કે પેગાસસ સ્પાઇવેયર પ્રકરણ સામે આવ્યા બાદ આજે વિશ્વભરમાં ભારતની બદનામી થઇ છે.બોરાએ કહ્યું કે વડાપ્રધાને એમ કહી દેશને ગુમરાહ કર્યું કે તેનો (સ્પાઇવેયરનો) ઉપયોગ કર્યો નથી ન્યુયોર્ક ટાઇમ્સના રિપોર્ટથી તમામ હકીકત સામે આવી ગઇ છે.

રિપુન બોરાએ ગૃહમાં મહિલા સશક્તિકરણની ચર્ચા કરતા કહ્યું કે રાષ્ટ્રીય રેકોર્ડ બ્યુરો અનુસાર ૨૦૧૯માં મહિલાઓની વિરૂધ્ધ અપરાધના ત્રણ લાખ ૮૦ હજારથી વધુ મામલા નોંધાયા છે.તેમણે કહ્યું કે ૨૦૨૦માં આવા અપરાધોની સંખ્યા ત્રણ લાખ ૫૭ હજાર રહી બોરાએ પ્રશ્ન કર્યો કે જો દેશની મહિલાઓ સુરક્ષિત નથી તો મહિલા સશક્તિકરણનો શું અર્થ છે.તેમણે કહ્યું કે બેટી બચાવો બેટી પઢાવોનું સુત્રનું આવામાં કોઇ મતલબ નથી જયારે ૨૦૧૯માં ૧૪થી ૧૮ વર્ષની ૯,૬૧૩ બાળકીઓએ આત્મહત્યા કરી જેની સંખ્યા ૨૦૨૧માં ૧૧,૩૯૬ થઇ ગઇ

કોંગ્રેસના સભ્યે આરોપ લગાવ્યો કે પૂર્વોત્તર ક્ષેત્રમાં સશસ્ત્ર બળ વિશેષાધિકાર કાનુનનો ખુબ દુરૂપયોગ કરવામાં આવ્યો તેમણે કહ્યું કે ગત વર્ષ ડિસેમ્બરમાં સેનાએ નગાલેન્ડમાં ૧૪ સામાન્ય નાગરિકોનો જીવ લીધો તેમણે કહ્યું કે સામાન્ય રીતે આપણી સેનાનો ઉપયોગ વિદેશી આક્રમકની વિરૂધ્ધ કરવામાં આવે છે પરંતુ આપણી સેનાએ આપણા જ લોકોને મારી દીધા અને કંઇ પણ કરવામાં આવ્યું નથી.બોરાએ કહ્યું કે મહામારીના કારણે દેશની અર્થવ્યવસ્થા પુરી રીતે બરબાદ થઇ ગઇ.લોકોને આશા હતી કે આ અભિભાષણમાં અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે કોઇ રૂપરેખા રજુ કરવામાં આવશે પરંતુ આવી કોઇ જાહેરાત કરવામાં આવી નથી.તેમણે દાવો કર્યો કે ગત સાત વર્ષોમાં પાંચ કરોડ લોકો ગરીબી રેખાની નીચે ચાલ્યા ગયા છે. અભિભાષણમાં બેરોજગારી,મોંઘવારીને રોકવા માટે કોઇ જાહેરાત કરવામાં આવી નથી સરકાર એ દાવો કરી રહી છે કે મહામારી દરમિયાન દેશમાં કોઇ વ્યક્તિને ભુખ્યા સુવા દેવામાં આવ્યા નથી પરંતુ આવી સ્થિતિ રહી તો વૈશ્વિક ભુખમરી સુચકાંકમાં ભારતનું સ્થાન ઘટી ૧૦૧ પર કેવી રીતે આવી ગઇ આપણો દેશ પાકિસ્તાન નેપાળ અને બાંગ્લાદેશથી પણ પાછળ ગયું છે.કોંગ્રેસ સભ્યે કહ્યું કે મોદી સરકારે શાસનમાં આવ્યા બાદ એક પણ જાહેર ઉદ્યમ સ્થાપિત કર્યું નથી પરંતુ ૧૩ પીએસયુનું વિનિવેશન કરી દીધુ આસામમાં બે ખાનગી પેપર મિલ બંધ થઇ ગઇ આસામ રાજયમાં એક પણ મેગા પરિયોજના શરૂ થઇ નથી અન્ય કોંગ્રેસના સભ્યોએ પણ મોદી સરકારની આ મુદ્દે ટીકા કરી છે. દરમિયાન અમેરિકાએ કહ્યું છે કે ભારતની વિદેશ નીતિ પર આપવામાં આવેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદનને સમર્થન કરતું નથી અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવકતાએ રાહુલ ગાંધીના નિવેદન પર ઉઠેલ એક સવાલનો જવાબ આપતા કહ્યું કે રાહુલ ગાંધીએ આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોગીની સરકારને અનેક મુદ્દા પર ઘેરતા કહ્યું હતું કે વર્તમાન સરકારની ઘરેલુ અને વિદેશ નીતિ પર સવાલ ઉઠાવ્યા હતાં અને કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓને કારણે બે ભારત બની ગયા છે.રાહુલ ગાંધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું કે તમારી જાતને પુછો કે શું તમને ગણતંત્ર દિવસ પર કોઇ મહેમાન મળ્યું નહીં આપણે પુરી રીતે એકલા થઇ ગયા છીએ અને ઘેરાયેલા છીએ તમે પાકિસ્તાન અને ચીનને સાથે લાવી દીધા છે અને ભારતની લોકો પ્રત્યે તેનાથી મોટો અપરાધ આપ કરી શકો નહીં.જો કે રાહુલ ગાંધીના નિવેદન પર સત્તાધારી પાર્ટીએ ટીકા કરી હતી ભાજપ તરફથી રાહુલ ગાંધીન પર ભારતના ઇતિહાસની માહિતી વિના દિશાહીન અને અસ્પષ્ટ ભાષણ આપવાનો આરોપ લગાવ્યો હતો.

## દેશમાં કોરોનાના નવા એક લાખ ૭૨ હજારથી વધુ કેસ,૧૦૦૮ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૩

દેશમાં જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના કેસ ગઈકાલની સરખામણીએ આજે વધ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના એક લાખ ૭૨ હજાર ૪૩૩ નવા કેસ નોંધાયા છે અને ૧૦૦૮ લોકોના મોત થયા છે. ગઈકાલની સરખામણીમાં આજે કોરોનાના ૬.૮ ટકા વધુ કેસ સામે આવ્યા છે.કેસ ઘટી રહ્યા છે મૃત્યુઆંકમાં ધારો જોવા મળી રહ્યો છે જે એક ચિંતાજનક બાબત છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૫ લાખ ૩૩ હજાર ૯૨૧ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૯૮ હજાર ૯૮૩ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે બે લાખ ૮૧ હજાર ૧૦૯ લોકો સાજા થયા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૯૭ લાખ ૭૦ હજાર ૪૧૪ લોકો ચેપ મુક્ત થઈ ગયા છે.

ઉલ્લેખનીય કે છેલ્લા ૨૪ કલાકમાં કર્ણાટકમાં ૨૦ હજાર ૫૦૫ નવા કેસ સામે આવ્યા છે અને ૪૦ હજાર ૯૦૩ દર્દીઓ સાજા થયા છે. તે જ સમયે, ૮૧ દર્દીઓના મોત થયા હતા. હવે રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા એક લાખ ૭૭ હજાર ૨૪૪ છે. બીજી તરફ, તમિલનાડુમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ હજાર ૧૩ નવા કેસ નોંધાયા છે અને ૨૪ હજાર ૫૭૬ દર્દીઓ સાજા થયા છે. અહીં ૩૭ દર્દીઓના મોત થયા છે. હવે રાજ્યમાં સક્રિય કેસોની સંખ્યા એક લાખ ૭૭ હજાર ૯૯૯ છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચેએ જણાવ્યું છે કે ગઈકાલે ભારતમાં કોરોના વાયરસ માટે ૧૫ લાખ ૬૯ હજાર ૪૪૯ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ ગઈકાલ સુધીમાં કુલ ૭૩ કરોડ ૪૧ લાખ ૯૨ હજાર ૬૧૪ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## વડાપ્રધાન મોદીના ભારતીય સેનાનો યુનિફોર્મ પહેરવા પર પીએમઓને નોટિસ

નવીદિલ્હી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ દાખલ કરાયેલી સર્વેલન્સ અરજી પર જિલ્લા અદાલતે વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)ને નોટિસ જારી કરી છે. સાથે જ આ મામલાની સુનાવણી માટે ૨ માર્ચની તારીખ નક્કી કરવામાં આવી છે. જિલ્લા ન્યાયાધીશ નલિન કુમાર શ્રીવાસ્તવે એડવોકેટ રાકેશનાથ પાંડે તરફથી રજૂ કરાયેલી મોનિટરિંગ અરજી પર દલીલોને સાંભળ્યા બાદ આ આદેશ આપ્યો છે.

રાકેશનાથ પાંડેએ વડાપ્રધાન મોદી વિરુદ્ધ એક અરજી રજૂ કરી કેસ નોંધવાનો આદેશ જારી કરવાની માંગ કરી છે. અરજીમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે ૪ નવેમ્બર, ૨૦૨૧ના રોજ જમ્મુ-કાશ્મીરના નૌશેરામાં વડાપ્રધાને ભારતીય સેનાનો યુનિફોર્મ પહેર્યો હતો. આ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૦ હેઠળ સજાપાત્ર ગુનો છે. એટલા માટે વડાપ્રધાન સામે કેસ દાખલ થવો જોઈએ.

અગાઉ આ મામલે ૨૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ અરજીની સુનાવણી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ હરેન્દ્ર નાથ દ્વારા કરવામાં આવી હતી. CJM કહ્યું હતું કે, આ ઘટના કોર્ટના અધિકારક્ષેત્રમાં બની નથી. આ મામલાની સુનાવણી ત્યાંના અધિકારક્ષેત્ર ધરાવતા મેજિસ્ટ્રેટ કરી શકે છે, જેઓ સ્થાનિક અધિકારક્ષેત્ર ધરાવે છે.

## રાષ્ટ્રપતિ બાઈડને ૨૦૦૦ અમેરિકી સૈનિકોને યૂરોપ મોકલવાનો આદેશ આપ્યો

ઈસ્લામાબાદ,તા.૩

યુક્રેન પર રશિયાના સૈન્ય આક્રમણની આશંકાની વચ્ચે નાટોના પૂર્વ ભાગ પર પોતાના સહયોગીઓ પ્રતિ અમેરિકી કટિબદ્ધતા પ્રદર્શિત કરતા અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન આ અઠવાડિયે લગભગ ૨૦૦૦ સૈનિક પોલેન્ડ અને જર્મની મોકલી રહ્યા છે તથા જર્મનીથી ૧૦૦૦ સૈનિક રોમાનિયા પહોંચી રહ્યા છે. પેંટાગને આ જાણકારી આપી. રશિયાએ કડક શબ્દોમાં પ્રતિક્રિયા વ્યક્ત કરી છે અને કહ્યું કે આ તૈનાતીનો કોઈ આધાર નથી અને તે 'વિનાશક' છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ટેલીફોન પર બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસન સાથે પણ વાતચીત કરી.

બંને સરકાર તરફથી જાહેર થયેલા નિવેદનો અનુસાર તેમની વચ્ચે વાતચીતથી કોઈ વાત ના બની. પુતિન કહી રહ્યા છે કે પશ્ચિમી દેશ રશિયાની સુરક્ષા ચિંતાઓ પર ધ્યાન નથી આપી રહ્યો. જ્યારે જોનસને યુક્રેનની સરહદ પર રશિયાની પ્રતિકૂળ પ્રવૃત્તિ અંગે મોમોટી ચિંતા વ્યક્ત કરી. પેંટાગનના પ્રેસ સચિવ જોન કિર્બીએ કહ્યું કે યુએસ દળોની તાત્કાલિક તૈનાતીનો હેતુ અસ્થાયી રૂપે યુએસ અને સંલગ્ન સંરક્ષણ પાયાના મનોબળને વધારવાનો છે અને યુએસ દળો યુક્રેનમાં પ્રવેશ કરશે નહીં.

તેમને કહ્યું કે આ કાયમી પગલાં નથી.' તેમણે કહ્યું હતું કે યુક્રેનની સરહદ નજીક રશિયાના લગભગ ૧,૦૦,૦૦૦ સૈનિકોને એકત્ર કરવા પર વધી રહેલા તણાવ વચ્ચે સાથી દેશોને આશ્વાસન આપવાનો હેતુ હતો. તેમને કહ્યું કે તેમણે કહ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં પણ રશિયાનો મેળાવડો ચાલુ છે, જ્યારે અમેરિકા તેમને અપીલ કરી રહ્યું છે કે પરિસ્થિતિ વધુ ખરાબ ન થવા દો. આ દરમિયાન રશિયાના નાયબ વિદેશ પ્રધાન એલેક્ઝાન્ડર ગ્રુશ્કોએ ઈન્ટરફેક્સ ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે "નિરાધાર વિનાશક પગલાં માત્ર લશ્કરી તણાવમાં વધારો કરશે અને રાજકીય નિર્ણયોનો અવકાશ ઘટાડશે." યુક્રેનના વિદેશ પ્રધાન દિમિત્રો કુલેબાએ ફરીથી રશિયન હુમલાની આશંકાને નકારી કાઢી અને પત્રકારોને કહ્યું કે જો રશિયા આવું પગલું લેશે તો યુક્રેન જવાબ આપશે.

## ઓગસ્ટમાં લોન્ચ કરાશે ચંદ્રયાન-૩, ૨૦૨૨માં ઈસરો લોન્ચ કરશે અન્ય ૧૯ મિશન



ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) આ વર્ષે ઓગસ્ટમાં ચંદ્રયાન-૩ લોન્ચ કરવાનું છે. બે વર્ષ પહેલાં ચંદ્રયાન મિશન દરમિયાન ઈસરોનું સ્પેસ ક્રાફ્ટ ચંદ્રની સપાટીને અથડાઈ ગયું હોવાથી આ મિશન નિષ્ફળ ગયું હતું. આ ઉપરાંત ઈસરોએ આ વર્ષે અન્ય ૧૯ મિશન લોન્ચ કરવાનું આયોજન કર્યું છે. કેન્દ્ર સરકારે ગુરુવારે લોકસભામાં આ વિશે માહિતી આપી છે. મૂન મિશન સતત પાછળ ઠેલાવાના કારણો વિશે સવાલ પૂછવામાં આવ્યો હતો તેના જવાબમાં અંતરિક્ષ વિભાગે લેખિતમાં જવાબ આપતા કહ્યું હતું કે, ચંદ્રયાન મિશન-૨માંથી મળેલી શિખ અને વૈશ્વિક નિષ્ણાતોના અનુભવના આધારે ચંદ્રયાન-૩ પર કામ ચાલી રહ્યું છે.

વિભાગે વધુમાં જણાવ્યું છે કે, તેમણે જરૂરી બધા ટેસ્ટ કરી લીધા છે અને લોન્ચ ઓગસ્ટ ૨૦૨૨માં કરાશે. મિશન પાછળ ઠેલાવા વિશે વિજ્ઞાન અને પ્રોદ્યોગિક મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું છે કે, કોવિડ-૧૯ મહામારીના કારણે ઘણાં મિશન પ્રભાવિત થયા છે. લોકસભામાં લેખિત જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું છે કે, ચંદ્રયાન-૩ મિશન ૨૦૨૧માં જ લોન્ચ કરવાનું હતું પરંતુ મહામારીના કારણે તેમાં થોડી વાર લાગી છે.

ચંદ્રયાન-૩ મિશને ઓક્ટોબર ૨૦૦૮માં શરૂ કરવામાં આવેલા ચંદ્રયાન મિશનમાંથી ઘણી મદદ લીધી છે. પહેલાં ચંદ્રયાન મિશન દ્વારા ચંદ્રની સપાટી પર પાણીના પુરાવા શોધવામાં આવ્યા હતા. ત્રીજુ મૂન મિશન ચંદ્રયાન-૨ ચંદ્રની સપાટી પર ક્રેશ થયા પછી શરૂ કરવામાં આવ્યું છે. ચંદ્રયાન-૨ મિશન અંતર્ગત લેન્ડર અને રોવર ક્રેશ થઈ ગયા હતા. પરંતુ તેનું ઓર્બિટર હજી પણ ચંદ્રની સપાટી પર ફરી રહ્યું ચે. ઈસરો ચંદ્રયાન-૩ સાથે આ ઓર્બિટરનો ઉપયોગ કરવાનું પ્લાન કરી રહ્યા છે.

કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે તેમના લેખિત જવાબમાં જણાવ્યું છે કે, અંતરિક્ષ વિભાગે ૨૦૨૨માં ૧૯ મિશન શરૂ કરવાનું પ્લાનિંગ કર્યું છે. આ વર્ષે ઈસરો ૦૮ લોન્ચ વ્હિકલ મિશન, ૦૭ સ્પેસક્રાફ્ટ મિશન અને ૦૪ ટેક્નોલોજી ડિમોન્સ્ટ્રેટર મિશન પૂરા કરશે. મંત્રીએ કહ્યું કે, અંતરિક્ષ ક્ષેત્રમાં સુધારાની સાથે અંતરિક્ષ વિભાગ માંગ-સંચાલિત મોડલના આધાર પર સેટેલાઈટની ભવિષ્યની જરૂરિયાતોની સમીક્ષા કરવામાં આવી રહી છે. મંત્રાલયો અને સંભવિત યુઝર્સ સાથે વાતચીત ચાલી રહી છે. ૨૦૨૨નું પહેલું લોન્ચિંગ વેલેન્ટાઈન-ડે વીકમાં થવાની શક્યતા છે. તે દિવસે એક અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ લોન્ચ કરવામાં આવશે.

### દેશમાં આગામી ૪૮ કલાકમાં વાતાવરણ ફરી બદલાશે

## દેશના અનેક વિસ્તારોમાં વરસાદની આગાહી : ઠંડી વધશે

નવીદિલ્હી,તા.૦૩

હવામાન વિભાગના અનુસાર બે ફેબ્રુઆરીથી ફરીવાર શિયાળુ વરસાદનો તબક્કો શરૂ થયો છે. જે ૪-૫ ફેબ્રુઆરી સુધી યથાવત્ રહી શકે છે. પશ્ચિમ હિમાલિયન વિસ્તારમાં બુધવારથી શુક્રવારની વચ્ચે વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે. હિમાચલપ્રદેશમાં બે અને ત્રણ ફેબ્રુઆરીએ અને ઉત્તરાખંડમાં ત્રણ અને ચાર ફેબ્રુઆરીએ કરાવૃષ્ટિ થવાની સંભાવના છે. હિમાચલપ્રદેશમાં ત્રણ ફેબ્રુઆરીના રોજ ભારે વરસાદ અને બરફવર્ષા થવાની આગાહી કરાઈ છે. તો પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં છૂટાછવાયા વરસાદના એંધાણ છે. પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશના ઉત્તર વિસ્તારમાં આકરી ઠંડીની સાથે વરસાદ પડી શકે છે.

કાશ્મીરમાં કેટલાંક સ્થળોએ વાદળ છવાયેલા રહેવાને કારણે લઘુતમ તાપમાન વધ્યું છે. બુધવારથી આગામી ત્રણ દિવસ સુધી વ્યાપકરૂપે વરસાદ કે હિમવર્ષા થઇ શકે છે. શ્રીનગરમાં લઘુતમ તાપમાન ૧.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જે ગત રાત્રીની સરખામણીમાં ત્રણ ડિગ્રી વધારે છે. હવામાન વિભાગનું અનુમાન છે કે ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભારતના મોટાભાગના વિસ્તારોમાં આગામી બે દિવસમાં લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઇ શકે છે. પૂર્વ ભારતમાં પણ આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુતમ તાપમાન ધીમે-ધીમે બેથી ત્રણ ડિગ્રી સુધી વધી શકે છે. દેશના કેટલાંક રાજ્યોમાં આગામી ૪૮ કલાક દરમિયાન વાતાવરણ ફરી બગડી શકે છે. કેટલાક વિસ્તારોમાં વરસાદ થશે તો ક્યાંક ઠંડીમાં વધારો થશે.

## તંત્રી સ્થાનેથી...

# વિદ્યાર્થી, વિઝા, વિદેશ અને વળગણ

*બરફની ચાદર પર ચાર માનવ આકાર દેખાતા હતા. ચારેકોર ભેંકાર વાતાવરણ હતું અને બરફમાંથી જન્મ લેતો પવન કાતિલ હતો. જામી ગયેલા બરફને દૂર કરીને જોયું ત્યારે નજર સામે જે હતું તે દર્દનાક હતું. એક સાથે ચાર માનવ દેહ બરફમાં જાણે પોતાની કબર જાતે જ ખોદીને સુતા હોય તેમ દટાઈ ગયા હતા. આમ તો એ વિસ્તાર માનવ વસ્તીવાળો ના હોવાથી એ જગ્યાએથી કોઈ પસાર થાય અને હોનારત વિષે કહે એ શક્ય ના હતું. પોલીસ અને સલામતી દળના નિયમિત હેલીકોપ્ટર સર્વેલન્સમાં કેનેડા-અમેરિકાની સીમા વાળા વિસ્તારમાં કલોલનું એક નાનું ગામ દેખાય એ તો આમ પણ કલ્પના બહારનું હતું.*

*નો મેનલેન્ડ ગણાતા કેનેડાની સરહદે આવેલા પ્રદેશમાં કાર અને પગપાળા બાર કલાકની મુસાફરી કરીને અમેરિકામાં ઘુસી જે તે જગ્યા એ પોતાના સંબંધીને ત્યાં પહોંચવા માંગતા કાલોલનો પરિવાર કાયમને માટે પોઢી ગયો અને એ જ ટુકડીના ચાર વિદ્યાર્થીઓ એજન્ટની સાથે ગિરફ્તાર થયા છે. આ માત્ર કોઈ એક અને ક્યારેક બનતી ઘટના હોત તો તેને દુર્ઘટના સમજીને ભૂલી જવાય પરંતુ પશ્ચિમના દેશ માટેની ઘેલછા અને પૂરતી તૈયારીના અભાવે આજે પણ વિદ્યાર્થીઓ અને તેમના પરિવાર અસહ્ય મુશ્કેલીમાં મુકાયા છે.*

*તાજેતરના રિપોર્ટ અનુસાર, કોરોના કાળમાં પણ ૨૦૨૧માં માત્ર ગુજરાતના પચાસ હજાર વિદ્યાર્થીઓ વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે ગયા છે. અગિયારસો કરોડનો કુલ ખર્ચ અને હજારો સપના ફળીભૂત થાય એવી આશા રાખીએ. એમાંથી મોટાભાગના લોકો શિક્ષણ અને વ્યવસાય, કારકિર્દીમાં ટટ્ટાર ઉભા રહી શકે, પરંતુ એ સાથે એક કડવી વાસ્તવિકતા અહીં મૂકું. કેનેડામાં માત્ર નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં કુલ પાંચ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે, જે પૈકીના ચાર ગુજરાતી છે. ગત વર્ષે પણ આ પ્રકારના ડેટા અને દ્રશ્યો ઊભા થયેલા પરંતુ પહોંચી નથી શક્યા.*

*ધ એજ્યુકેશન કાઉન્સેલરના ફાઉન્ડર અને સીઇઓ ચેતના દેસાઈ તથા ઇમિગ્રેશન કન્સલ્ટન્ટના ફાઉન્ડર પ્રદીપભાઈ દેસાઈ કેનેડામાં શિક્ષણ તેમજ વસવાટ માટે કાઉન્સેલિંગ તેમજ જરૂરી દસ્તાવેજના ક્ષેત્રે કાર્યરત છે. આ ઉપરાંત શબ્દ પ્રાર્થના તેજ સ્ત્રી જેવી સાહિત્ય સંગીત અને સ્ત્રી સશક્તિકરણ માટેની સંસ્થાઓના સ્થાપક ચેતનાબેને આજ સુધી ગુજરાતના અનેક વિદ્યાર્થી તથા તેમના પરિવારને સાચું ચિત્ર અને જરૂરી સજ્જતા માટે માર્ગદર્શન આપ્યું છે. કેનેડામાં પચ્ચીસ વર્ષથી વસવાટ કરતા અને વીસ વર્ષથી વિદ્યાર્થીઓના અભ્યાસ અને કોલેજ-યુનિવર્સિટી સાથે જોડાયેલ પેરેન્ટ કોચ અને શિક્ષણવિદ ચેતના દેસાઈને કેનેડામાં અભ્યાસ અને કારકિર્દી તેમજ ભારતીય વિદ્યાર્થીઓની સજ્જતા જેવા વિષય સાથે સંપર્ક કર્યો હતો*

# મહર્ષિ સૌભરીનું જીવન ચરીત્ર

મનુષ્ય એ પરસ્ત્રી સાથે અને સ્ત્રીએ પરપુરૂષ સાથે એકાંતમાં રહેવું નહી.એકાંતમાં સાધુ અને જ્ઞાની મહાપુરૂષોને પણ બળવાન ઈન્દ્રિયગ્રામ મોહ પમાડે છે. ધર્મશાસ્ત્રોમાં માતા,બહેન કે દિકરી સાથે પણ ક્યારેય એકાંતવાસમાં ન રહેવાનો આદેશ આપેલ છે. વ્યભિચાર તો માત્ર શારીરિક જ નહી પરંતુ માનસિક કે વાણી દ્વારા પણ ના કરવો જોઇએ. પરસ્ત્રી સાથે.. તેના વિશે બીજાની સાથે શૃંગાર વિષયક વાતો કરવી એ વાણી દ્વારા વ્યભિચાર ગણાય છે. પરસ્ત્રી સામે કામુક ભાવે જોવું, તેના અંગ ઉપાંગ તરફ લોલુપતાભરી દ્દષ્ટિ કરવી એ માનસિક વ્યભિચાર ગણાય છે. પરસ્ત્રી સબંધી મનમાં ખોટા વિચારો પણ ન લાવવા જોઇએ. કોઇ પરસ્ત્રીની મશ્કરી કે અડપલું પણ ના કરવું જોઇએ.

કોઇ સ્વપ્?નમાં પણ વિચારી શકતું ન હતું કે મહર્ષિ સૌભરી કાણવનો દ્દઢ વૈરાગ્ય મીનરાજના સુખદ ગૃહસ્થ જીવનને જોઇને વાયુના એક ઝપાટામાં મૂળથી ઉખડીને ધરાશાયી બની જશે.માતા પિતાનો વિવાહ કરવાનો પ્રસ્તાવ ચિકણા ઘડા ઉપર પાણીના બૂંદની જેમ તેમની ઉપર ટકી શક્યો નહી. યમુનાના જળની અંદર તે તપસ્યા કરવા લાગ્યા.વિકટ તપસ્યા ઘણા વર્ષો સુધી ચાલી.મહર્ષિના ચિત્તની વિચિત્ર દશા હતી. તે દરરોજ યમુનાના શ્યામ જળમાં મત્સ્યરાજની પોતાની પ્રિયતમાની સાથેની રતિક્રિડા(કામસુખ) જોતાં જોતાં આનંદ વિભોર બની જતા હતા. ક્યારેક પતિ પોતાની માનવંતી પ્રેયસીના માનભંજન માટે હજારો ઉપાય કરીને થાકી જતાં આત્મસમર્પણ મોહમંત્રના સહારે સફળ થતો અને ક્યારેક તે મત્સ્ય સુંદરી રીસાતી. સંગતિથી ૠષિની સૂતેલી વાસનાએ તેમને ઢંઢોળીને પોતે પ્રગટ થવાનો માર્ગ શોધવા લાગી.તપનો ઉદ્દેશ્ય અનેક પ્રકારના સાધનોના દ્વારા શરીરને તપ્ત કરવાનો નહી પરંતુ મનને તપ્ત કરવાનો છે.સાચું તપ મનમાં જામેલા કામનાના કચરાને બાળીને રાખ કરે છે. વૈરાગ્યથી વૈરાગ્ય લઇ તથા તપસ્યાને તિલાંજલી આપી મહર્ષિ સૌભરી પ્રપંચ તરફ વળ્યા અને ગૃહસ્થીમાં પડવાની તૈયારી કરવા લાગ્યા.તે સમયે મહારાજ ત્રસદસ્યુ પુરૂકુત્સના પૂત્ર હતા.સપ્તસિંધુના પશ્ચિમભાગ ઉપર શાસન કરતા હતા.મહર્ષિને રાજસભામાં ઓચિંતા આવેલા જોઇને બધાને આશ્ચર્ય થયું અને સૌથી મોટું આશ્ચર્ય ત્યારે થયું કે જ્યારે મહર્ષિએ રાજકુમારીઓ સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મુક્યો. રાજાએ સૌભરી સમક્ષ સ્વંયવરનો પ્રસ્તાવ મુક્યો. રાજાએ કહ્યું કે ક્ષત્રિય કૂળની કન્યાઓ ગુણવાન પતિનું પોતે જ વરણ કરે છે એટલે આપ મારી સાથે અંતઃપુરમાં આવો.. જે કન્યા આપને પોતાનો પતિ બનાવવા તૈયાર થશે તેનું કન્યાદાન હું તમારી સાથે કરીશ.



રાજા વૃદ્ધ ૠષિને લઇને અંતઃપુરમાં ગયા પરંતુ રાજાના કૌતુકની કોઇ સીમા ના રહી ! જ્યારે તે વૃદ્ધ અનુપમ સર્વાંગસુંદર જીવનના રૂપમાં જોવા મળ્યા ! રસ્તામાં જ સૌભરી ૠષિએ તપસ્યાના બળથી પોતાનું રૂપ બદલી નાખ્યું. જે તેમને જોતું હતું તે મુગ્ધ બની જતું હતું. સુકુમારી રાજકુમારીઓની દ્દષ્ટિ આ યુવક પર પડતાં જ ચાર આંખો એક થતાં જ તેમનો ચિત્ત ભ્રમર મુનિના રૂપ કુસુમની માધુરી ચાખવા માટે વિકલ થઇ ઉઠ્યો. પિતાનો પ્રસ્તાવ સાંભળતાં જ તમામ રાજકુમારીઓ ભેગી થઇને મુનિને ઘેરી લીધા અને એક સ્વરમાં મુનિને પસંદ કરી લીધા.રાજાએ પોતાની પ્રતિજ્ઞા પુરી કરી.

સુવાસ્તુના સુંદર તટ પર વિવાહ મંડપ બાંધવામાં આવ્યો.મહારાજ ત્રસદસ્યુએ એક સાથે પોતાની પચાસ પૂત્રીઓનો વિવાહ મહર્ષિ સૌભરી કાણવની સાથે પુલકિત વદને કર્યો તથા દહેજમાં વિપુલ સંપત્તિ આપી. સજી ધજીને રથ ઉપર સવાર થઇને મહર્ષિ સૌભરી યમુનાના તટ ઉપર જઇ રહ્યા હતા તે જ સમયે રસ્તામાં ઈન્દ્રના દર્શન થયા.મહર્ષિ સૌભરી ગદગદ થઇને તેમની સ્તુતિ કરવા લાગ્યા કે હે ભગવાન.. આપ અનાથોના નાથ છો અને સામે બંધુહીન બ્રાહ્મણ છે. આપ તમામ પ્રાણીઓની કામનાઓની પૂર્તિ કરનાર છો.આ સ્તુતિ સાંભળી દેવરાજ ઈન્દ્ર ઘણા જ પ્રસન્ન થયા અને ૠષિને વરદાન માંગવા માટે આગ્રહ કરવા લાગ્યા.મહર્ષિ સૌભરીએ પોતાનું મસ્તક નમાવીને વિનયભર્યા સ્વરમાં કહ્યું કે પ્રભુ.. મારૂં યૌવન હંમેશાં અક્ષય રહે અને આ પચાસ પત્નીઓની સાથે એક જ સાથે રમણ કરવાનું સામર્થ્ય મારામાં આવી જાય, વિશ્વકર્મા મારા માટે સોનાના પચાસ મહેલો બનાવી દે, આપની કૃપાથી હું ગૃહસ્થનું સંપૂર્ણ સુખ ભોગવી શકું. ભગવાન ઈન્દ્રએ ભક્તની પ્રાર્થના સ્વીકારી લીધી.ભક્તનું હ્રદય ગદગદ થઇ ગયું. વસ્તુને મેળવવાની આશામાં જે આનંદ આવે છે તે આનંદ તે મળી ગયા પછી આવતો નથી.મનુષ્ય તેને મેળવવા માટે બેચૈન બનેલો રહે છે, લાખો પ્રયત્નો કરે છે, તેની કલ્પનામાત્રથી તેના મોં માં લાળ ટપકવા લાગે છે પરંતુ વસ્તુ મળતાં જ તેમાં નિરસતા આવી જાય છે. તેનો સ્વાદ ફીકો પડી જાય છે. તેની ચમક દમક જતી રહે છે. ગૃહસ્થીમાં દૂરથી આનંદ અવશ્ય મળે છે પરંતુ ગળે પડ્યા પછી તેનો આનંદ ઉડી જાય છે.મહર્ષિ સૌભરીના માટે ગૃહસ્થીની લતા હરી ભરી સિદ્ધ ના થઇ.મોટી મોટી કામનાઓને હ્રદયમાં લઇને તે ગૃહસ્થમાં પડ્યા હતા.સૌભરી વિચારશીલ પુરૂષ તો હતા જ.. તેથી વિષયસુખોને ભોગવતાં ભોગવતાં વૈરાગ્ય અને હવે સાચો વૈરાગ્ય તેમનામાં ઉત્પન્ન થયો. શું આ જ ગૃહસ્થ જીવન છે? બાહ્ય પ્રપંચમાં ફસાઇને હું આત્મકલ્યાણની વાતો ભૂલી ગયો? માનવજીવનની સરૂપતા એવી છે કે યોગના દ્વારા આત્મદર્શન કરવામાં આવે પરંતુ ભોગની પાછળ હું યોગને ભુલી ગયો અને પ્રેય માર્ગનું અવલંબન કરીને મેં આત્યંન્તિક સુખની ઉપેક્ષા કરી.

ભોગમય જીવન એવી ભયાવની ભૂલ ભુલૈયા છે જેના ચક્કરમાં પડતાં જ અમે પોતાનો રસ્તો છોડી અન્ય રસ્તે ચાલવા લાગી જઇએ છીએ અને અનેક જન્મોના ફેરા ફરવામાં વિતાવી દઇએ છીએ. કલ્યાણના માર્ગમાં જ્યાંથી ચાલવાનું શરૂ કરીએ છીએ, ફરી ફરીને ત્યાં જ આવી જઇએ છીએ. એક ડગલું પણ આગળ વધી શકતા નથી. કાચો વૈરાગ્ય હંમેશાં દગો દે છે. હું સમજતો હતો કે આ કાચી ઉંમરમાં મારી લગની સાચી છે પરંતુ મિથુનચારી મત્સ્યરાજની સંગતિ મને આ માર્ગમાં ખેંચી લાવી. સાચો વૈરાગ્ય આવ્યા વિના ભગવાનની તરફ વધવું લગભગ અસંભવ છે. આ વિરતિને લાવવા માટે સાધુ સંગતિ જ સર્વશ્રેષ્ઠ સાધન છે.આત્મદર્શન વિના આ જીવન ભારરૂપ છે.બીજા દિવસે લોકોએ સાંભળ્યું કે મહર્ષિ પ્રપંચ છોડીને જંગલમાં ચાલ્યા ગયા અને સાચી તપસ્યા કરતાં કરતાં ભગવાનમાં લીન થઇ ગયા.જેવી રીતે અગ્નિના શાંત થતાં જ તેની જ્વાળાઓ ત્યાં જ શાંત થઇ જાય છે તેવી જ રીતે પતિની આધ્યાત્મિક ગતિને જોઇને પત્નીઓએ પણ તેમની સંગતિથી સદગતિ પ્રાપ્ત કરી.સંગતિનું ફળ મળ્યા વિના રહેતું નથી.મનુષ્ય એ હંમેશાં સજ્જનોની સંગતિનો લાભ ઉઠાવીને પોતાના જીવનને ધન્ય બનાવવું જોઇએ.દુષ્ટોનો સંગ હંમેશાં હાનીકારક હોય છે. વિષયી પુરૂષના સંગમાં વિષય ઉત્પન્ન ના થાય તો શું વૈરાગ્ય ઉત્પન્ન થાય? મનુષ્ય એ આત્મકલ્યાણના માટે હંમેશાં જાગરૂક રહેવું જોઇએ. જીવનનું આ જ એક માત્ર લક્ષ્ય છે. પશુ પક્ષીઓની માફક જીવન જીવવું.. પોતાના સ્વાર્થની પાછળ લાગેલા રહેવું એ માનવતા નથી. શાસ્ત્રમાં આઠ પ્રકારના મૈથુન બતાવવામાં આવ્યા છે તેનાથી દૂર રહેવું જેવા કે સ્ત્રીનું સ્મરણ, સ્ત્રી સબંધી વાતચિત,સ્ત્રીઓની સાથે રમવું,સ્ત્રીઓને જોવી,સ્ત્રીની સાથે ગુપ્ત વાતચીત કરવી,સ્ત્રીને મળવાનો નિશ્ચય કરવો અને સંકલ્પ કરવો અને સાક્ષાત સ્ત્રીનો સંગ કરવો. આ વાતોથી દૂર રહેવું એ જ વાસના ટાળવાનો સાચો ઉપાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સુપર માર્કેટમાં વાઈનના વેચાણના વિરોધને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકાર તેના પર પુનર્વિચાર કરે તો આશ્ચર્ય થશે નહીં.: પવાર

,મુંબઇ,તા.૩

એનસીપી ચીફ શરદ પવારે મહારાષ્ટ્રમાં મોલ, સુપર માર્કેટ અને કરિયાણાની દુકાનોમાં વાઇન વેચવાની મંજૂરી આપવાના રાજ્ય સરકારના નિર્ણય પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, 'રાજ્યભરમાં આ નિર્ણયના વિરોધને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકાર તેના પર પુનર્વિચાર કરે તો તેમને આશ્ચર્ય થશે નહી.' શરદ પવારનું આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે મહારાષ્ટ્રમાં આ નિર્ણય પાછો ખેંચી શકાય છે. પૂર્વ મુખ્યમંત્રી અને વિપક્ષના નેતા દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટીલે પવારના નિવેદન પર પોતાની પ્રતિક્રિયા આપી છે.

એક ઓનલાઈન કાર્યક્રમમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પર પોતાનો અભિપ્રાય આપતા શરદ પવારે કહ્યું કે 'સરકારે સુપરમાર્કેટ, મોલ્સ અને ગ્રોસરી સ્ટોર્સમાં વાઈન વેચવાની પરવાનગી આપી છે, ચારેબાજુથી વિરોધ થઈ રહ્યો છે. બધું કન્ફ્યુઝન વાઈનને દારૂ સમજવાથી થયું છે. લોકોને વાઈન અને અન્ય ચીજવસ્તુઓ વચ્ચેનો તફાવત ખબર નથી તેથી વિરોધ થઈ રહ્યો છે. જો આ વિરોધને ધ્યાનમાં રાખીને નિર્ણય પર પુનર્વિચાર કરવો પડતો હોય અને તેને પાછો ખેંચવો પડતો હોય તો તેમાં ખરાબ ન માનવું જોઈએ અને આના પર કોઈ વાંધો હશે નહી.'

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું, 'શરદ પવારના આ નિવેદનથી સ્પષ્ટ છે કે તેમને અહેસાસ થયો છે કે ક્યાંક ભૂલ થઈ છે અને તેને સુધારવાની જરૂર છે. રાજ્યના આ નિર્ણયથી તેમની પ્રતિષ્ઠાને ઘવાય છે તેમાં કોઈ શંકા નથી. ઉદ્યોગપતિઓ સાથેની ડીલ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જો રાજ્ય સરકાર આ નિર્ણય પાછો ખેંચે તો અમે તેને આવકારીશું. ભાજપનો સંકલ્પ છે. અમે મહારાષ્ટ્રને મદ્યરાષ્ટ્ર નહી બનવા દઈએ.

આ મુદ્દે ચંદ્રકાંત પાટીલે કહ્યું હતું કે, 'જો વાઈન અને લિકર બે અલગ-અલગ વસ્તુઓ છે તો જે દુકાનો પર દારૂ વેચાય છે તેની આગળ 'વાઈન શોપ' લખેલું બોર્ડ શા માટે હોય છે? પછી ત્યાં લખી દેવું જોઈએ 'અમૃત શોપ' અથવા 'મિલ્ક શોપ.' શું મહારાષ્ટ્રમાં સત્તા પર રહેલા લોકોને સાચા-ખોટા વિશે કંઈ ખબર છે? આ લોકો ગાંજાને પણ હર્બલ તમાકુ કહીને તેના વેચાણને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરે છે. જ્યારે ગામડાંની મહીલાઓ ચપ્પલ લઈને મારવા દોડશે ત્યારે તેમને ખબર પડશે.

ભાજપના નેતાઓની સતત ટીકાને જોઈને મહાવિકાસ આઘાડી વતી આના જવાબમાં શરદ પવારની પાર્ટી એનસીપીના નેતા અને મંત્રી નવાબ મલિકે પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે ભાજપના નેતાઓ તેમની વાઈન શોપ અને બારના લાઈસન્સ ક્યારે સરન્ડર કરશે? ક્યારે તેઓ વચન આપશે કે તેઓ ક્યારેય દારૂ પીશે નહીં. મોટાભાગના બાર અને વાઈન લાયસન્સ ભાજપના નેતાઓ પાસે છે. એક ભાજપ સાંસદ કહે છે કે 'થોડું થોડું પીતા રહો'. તેઓ દારૂ બનાવવા, વેચવા અને પીવામાં મોખરે છે અને બીજાઓને પ્રવચન આપે છે. તેમની આ બેવડી નીતિ ચાલવાની નથી.

# ૯૦૦ કરોડના ટેક્સ કૌભાંડના આરોપીને સુપ્રીમે જામીન આપ્યા

નવીદિલ્હી,તા.૩

વિવિધ શેલ કંપનીઓ ઉભી કરી ૯૦૦ કરોડ રૂપિયાના બોગસ બિલિંગ કેસમાં સંડોવાયેલા અમદાવાદના વેપારી પરેશ ચૌહાણને જામીન પર મુક્ત કરવા સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે. જામીન અરજી મંજૂર કરતાં સમયે કોર્ટે નોંધ્યું છે કે આ પ્રકારના કેસમાં આરોપીને અનિશ્ચિતકાળ સુધી કસ્ટડીમાં ડિટેઇન કરી શકાય નહીં. નોંધાયેલા ગુના પ્રમાણે અરજદારને મહત્તમ પાંચ વર્ષની સજા થઇ શકે તેમ છે અને ૨૫ મહિનાથી તે જેલમાં છે. તેથી હવે તેના જામીન મંજૂર થવા જોઇએ.

હાઇકોર્ટે જામીન અરજી ફગાવતા સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અપીલમાં અરજદાર આરોપી પરેશ ચૌહાણ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે જે-તે સર્ચ ઓપરેશન દરમિયાન તપાસ અધિકારીઓ તેમના ઘરે એક અઠવાડિયાથી પણ વધુ સમયે ગેરકાયદે રહ્યા હતા અને હાઇકોર્ટ સમક્ષ આ મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. તે ગત ૨૫ મહિનાજી જેલમાં છે, તેથી હવે જામીન અરજી મંજૂર થવી જોઇએ. સામા પક્ષે રાજ્ય સરકારની રજૂઆત હતી કે અરજદારે અગાઉ પણ આવી રીતે કાયદાઓનો ભંગ કર્યો હોવાથી જામીન અરજી મંજૂર ન થવી જોઇએ. બન્ને પક્ષાને સાંભળી જસ્ટિસ એસ.કે. કૌલ અને જસ્ટિસ એમ.એમ. સુંદરેશની ખંડપીઠે નોંધ્યું છે કે અરજદાર સામેના ગુનાઓ પ્રમાણે તે દોષિત સાબિત થાય તો મહત્તમ પાંચ વર્ષની સજા થઇ શકે તેમ છે અને તે ૨૫ મહિનાથી જેલમાં છે. સજાનો ૫૦ ટકા ભાગ તે જેલમાં વીતાવી ચૂક્યા છે, ઉપરાંત આવાં કેસમાં આરોપીને અનિશ્ચિતકાળ સુધી કસ્ટડીમાં રાખી શકાય નહીં. તેથી જામીન અરજી મંજૂર કરવામાં આવે છે.

# બિહાર વિધાન પરિષદ ચુંટણી પહેલા કોંગ્રેસ અને રાજદ વચ્ચે મતભેદ સામે આવ્યા

પટણા,તા.૩

પૂર્વ કેન્દ્રીય મંત્રી લાલુ પ્રસાદની પાર્ટી રાજદ અને કોંગ્રેસ વચ્ચે બિહાર વિધાન પરિષદની બે ડઝનથી વધુ બેઠકોની ચુંટણીઓને લઇ નવેસરથી મતભેદ ઉભા થયા છે.બિહાર વિધાનસભાની બે બેઠકો માટે ગત વર્ષ ઓકટોબરમાં થયેલ પેટાચુંટણીના સમયે વિપક્ષી દક્ષોના મહાગઠબંધનનું નેતૃત્વ કરી રહેલ રાજદ દ્વારા એક તરફી ઉમેદવાર જાહેર કર્યા બાદ કોંગ્રેસે સખ્ત વિરોધ કર્યો હતો અને એમ કહી ૨૦૨૪માં લોકસભા ચુંટણી અને વિધાનસભા ચુંટણી ફકત પોતાના દમ પર લડશે.રાજદથી અલગ થઇ ગઇ હતી પાંચ પક્ષોના મહાગઠબંધને ૨૦૨૦ની બિહાર વિધાનસભા ચુંટણીમાં ૧૧૦ બેઠકો હતી જે બહુમતથી ૧૨ ઓછી હતી આથી ખુબ હદ સુધી કોંગ્રેસને દોષી ઠેરવવામાં આવી હતી જેણે ૭૦ બેઠકો પર ચુંટણી લડી હતી પરંતુ ફકત ૧૯ ઉપર જ જીત હાંસલ કરી હતી.

મુખ્યમંત્રી નીતીશકુમારની પાર્ટી જદયુએ પેટાચુંટણીમાં સરળતાથી બંન્ને બેઠકો જીતી લીધી ત્યારબાદ કોંગ્રેસ અને રાજદની વચ્ચે જો કો આરોપ પ્રત્યારોપનો દૌર ખત્મ થઇ ગઇ હતી પરંતુ લાલુના રાજનીતિક ઉત્તરાધિકારી માનવામાં આવનાર તેમના નાના પુત્ર તેજત્વી યાદવની બિહાર વિધાનસભા પરિષદની આ બેઠકોને લઇ કરવામાં આવેલ ટીપ્પણી બાદ બંન્ને પક્ષોની વચ્ચે મતભેદ શરૂ થઇ ગયા અને એકબીજા સામે નિવેદનબાજી શરૂ થઇ ગઇ બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે વિધાન પરિષદની આ બેઠકો પર ચુંટણી બાબતમાં પુછવા પર તેમણે કહ્યું કે રાજદ આ બેઠકો પોતાના દમ પર ચુંટણી લડશે મહાગઠબંધનમાં સામેલ ડાબેરી પક્ષોની બાબતમાં પુછવા પર જો કે તેજસ્વીએ તેમને વિશ્વાસમાં લેવાની વાત કહી હતી જયારે કોંગ્રેસની બાબતે સવાલ કરવામાં આવ્યો તો તેમણે કહ્યું કે અમે એ સ્પષ્ટ કરી દીધુ છે કે અમે રાષ્ટ્રીય સ્તર પર તેનું સમર્થન કરીએ છીએ.




૨૯મી જાન્યુઆરી ૨૦૨૨નારોજ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સેન્ટર ફોર કન્ટીન્યુઈંગ એજ્યુકેશન દ્વારા શ્રી સત્સંગી સાકેતધામ રામ આશ્રમ ગ્રૂપ ઓફ ઇન્સ્ટિટ્યૂટશન્સ વરસમાં સાથે સંકળાયેલા સોલર અને ઈલેક્ટ્રિક લ વ્હિકલ ટેકનોલોજીના અભ્યાસક્રમના વિધાર્થીઓને પ્રમાણ પત્રો એનાયત પ્રસંગે વિધાર્થીઓ નિરવ ધનેશ્વરભાઈ મહેતા ને પ્રમાણ પત્રો એનાયત કરી સન્માન કરવામાં આવેલ છે

# ખલીલ ધનતેજવીની ગઝલ પાડીએનો આસ્વાદ..

ચાલ પર્વત પર ચઢી ને ખૂબ ચીસો પાડીએ,
જો આ સન્નાટો ના તૂટે તો તિરાડો પાડીએ.
એક ચાંદો આભમાં, બીજો અગાશીમાં ઉગ્યો,
બેઉંમાંથી કોને સાચો, કોને ખોટો પાડીએ?
બાળપણ, યૌવ્વન, બુઢાપો, વેશ સહુ ભજવી ચુક્યા,
થઇ ગયું પૂરું આ નાટક, ચાલ પરદો પાડીએ.
હા, ×ખલીલ× એવું કશું કરીએ સહુ ચોંકી ઉઠે,
થઇ શકે તો ચાલ પરપોટા માં ગોબો પાડીએ.

ખલીલ ધનતેજવી.. ગઝલમાં ખલલ નહી પણ ગહન સખાવતની કડીથી પરોવાતા ખલીલ ધનતેજવીએ ગઝલ પર્વતે શિખરસ્થ થઈ ક્યારે ય ચીસો પાડી નથી. પરંતુ ગઝલ વિશ્વમાં પ્રવર્તમાન સન્નાટાઓને આરપાર ચીરી, નવ્ય ધ્વનિ સમીકરણો એનાં તત્વનાં રૂપાંતરણથી સાધ્યા છે. એનો પુરાવો ઉપરોક્ત ગઝલના ચાર શેર આપે છે.

મત્લાનો શેર એનાં ધ્વનિપ્રયોગથી આપણને ય શિખર આરોહ કરવા આમ પ્રેરે છે

×ચાલ, પર્વત પર ચઢી ને ખૂબ ચીસો પાડીએ.
જો આ સન્નાટો ના તૂટે તો તિરાડો પાડીએ.×

ચાલનું આહવાન એ આમ તો અજ્ઞાત જ છે..પણ કવિ અહીં એક એવા સજાગ આરોહીને આમંત્રણ આપે છે. જે એનાં હર પ્રકારના ધ્વનિ સંવાદમાં સજ્જ હોય. જે એની અગાધ ચીસ વડે ખીણ તળેટીના સન્નાટાઓને ચીરી કશુંક પરિણામ પણ સાધી શકે.

સન્નાટો એટલે અધ્વનિમય અગ્રાહ્ય એવું તત્વ ..જેને આ કવિ નક્કર સ્વરૂપે નિર્મી એમાં તિરાડો પાડવાની જે પ્રયુક્તિઓ સાધે છે..એમાં જ આ શાયરની ખલીલી કરામત જોવા જડે છે. આવી અધ્વનિઓમાં પણ તિરાડો પાડવાની ક્ષમતા દાખવતા કવિને થોડી-સી બેવફાઈના ગીતની એક પંક્તિ મુબારક કરું છું.

×આવાજ મેં પડ ગઈ દરારેં.×

પહેલો શેર સજીવારોપણ ને અતિશયોક્તિ અલંકારનું અજબ સમીકરણ સાધે છે.

જ્યારે બીજો શેર મૂળ તગઝ્ઝુલના રંગે રંગાયેલ હોઈ, ચાંદના રૂપકમાં એ આકાશી ચાંદ અને અગાશીથી ડોકાતી એમની મહેબૂબાની માહતાબી પ્રશંશાની સરખામણીમાં કોને ખરો કે ખોટો કહેવો? એની વિમાસણમાં કેવો મૂંઝાય છે?

×એક ચાંદો આભમાં ,બીજો અગાશીમાં ઉગ્યો, બેઉમાંથી કોને સાચો, કોને ખોટો પાડીએ?

ફરી એકવાર આ ફીલ્મ નિર્માતા શાયર કે જેમની ઉર્દૂ રચનાઓ વિશ્વવ્યાપી પ્રશંસા પામી છે. એમની એક રચના ગઝલ સમ્રાટ જગજીતસિંહે ગાઈ પણ છે.

×અબકે રાશન કી કતારોં મેં નજર આતા હું.
અપને ખેતોં સે બિછડને કી સજા પાતા હું.×

એમનો ચાંદ વિષયક શેર વાંચીને જગજીતસિંહની એક ગઝલની પંક્તિઓ સ્મરી આવે

ખરી કલ ચૌદવી કી રાત થી, શબભર રહા ચર્ચા તેરા,,
કુછને કહા યે ચાંદ હૈ, કુછને કહા ચ્હેરા તેરા.×

ત્રીજો શેર ફિલ્મી ગીતકાર શૈલેન્દ્રના ગીતની જ જીવન વિષયક ફીલોસોફી દોહરાવે છે.

×એક દિન બીક જાયેગા માટી કે મોલ,
જગ મેં રહ જાએંગે પ્યારે તેરે બોલ. ×

×બાળપણ યૌવન બુઢાપો વેશ સૌ ભજવી ચૂક્યા.
થઈ ગયું પૂરું આ નાટક ચાલ પડદો પાડીએ.×

એક વાર ફરી ×ચાલ×, ઉદ્દગાર વર્તાય છે. મત્લાના શેર જેમ આ શેર પણ અતિશયોક્તિને જ પ્રયોજે છે. અહીં જીવનના નાટકના પાત્ર ભજવનાર માનવીને સત્તા જ ક્યાં છે? કે એ સ્વયં એના અંતમાં મોત સ્વરૂપે પડદો પાડી શકે? અહીં કવિ જાણે એ આપણો અધિકાર જ ન હોય એમ હાક દે છે.


અંતિમ શેર અતત્વ એવા ક્ષણભંગુર પરપોટાને પણ નક્કર તત્વમાં રૂપાંતરિત કરી ગુર્જરી ગઝલ સર્જનમાં ક્યારેય કોઈએ ન પાડી શક્યો હોય એવો ગોબો પાડે છે!

×હાં, ખલીલ એવું કશું કરીએ સહુ ચોંકી ઉઠે,
થઈ શકે તો ચાલ પરપોટામાં ગોબો પાડીએ.×

×ચાલ× નાં પુનરાવર્તિત આદેશાત્મક પ્રયોજને દોરાતી આ ગઝલના નાયક, મરણોત્તર પદ્મશ્રીનો ખિતાબ પામી ન કેવળ વડોદરાની ધરાને પણ, સમગ્ર ગુર્જરી ગઝલ સાહિત્યને નાજ બક્ષે છે..ખલીલ ભાઈને મારો એક ઉર્દૂ શેર અર્પણ કરું છું.

મકામે-બેખુદી મકબૂલ હો ચલે ×પરવેઝ×
ગઝલ કી રૂહ કો જબ નાઝ બક્ષતા હૈ વો.×

સતીન દેસાઈ ×પરવેઝ× દીપ્તિ×ગુરૂ×






# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO : 0002

વિષય- પ્રેમ સંબંધની દીવાલ ઉપર ચણતર

શીર્ષક- સંબંધોના સમીકરણ

ગર્ભનાળ દ્વારા શરૂ થતાં સંબંધો
કેટલાંય પરિપ્રેક્ષ્યમાં જીવતાં રહ્યાં..
બાળક બની જીવનપથનાં સંબંધો,
ધીમેધીમે અંતિમશ્વાસ સુધી વિસ્તરતાં રહ્યાં......
ખાટાં મીઠાં , સારા નરસાં વિવિધ સંબંધો,
જીવનરૂપી સમીકરણમાં ગોઠવતાં રહ્યાં....
અદકેરું અંતરમાં જાળવતાં સંબંધો,
અપેક્ષા કે આશા વગર પ્રેમરૂપે સ્થાપતાં રહ્યાં......
ધીમી ધીખતી ધૂણી જેવાં કેટલાંય સંબંધો,
સમયની રાખ બની તોય હેમરૂપે ઝગતાં રહ્યાં...
સૂર્યમુખી કે રાતરાણી જેમ ઉગતાં સંબંધો,
સમયની માંગ સમજીને નીભાવતાં રહ્યાં.....
લોહીનાં કે પછી હોય લાગણીનાં સંબંધો,
સાચી સમજણથી જ પુષ્પરૂપે ખીલતાં રહ્યાં..
ચપટીભર વ્હાલપથી ઉભરાતાં સંબંધો,
પાનખરમાં પર્ણરૂપે આપમેળે ખરતાં રહ્યાં..
જીવનમાં કરોળિયાનાં જાળા જેવાં સંબંધો,
"નિયતી"નાં લક્ષ્યરૂપી તાણાવાણામાં ગુંથાતાં રહ્યાં........

જીજ્ઞા કપુરિયા "નિયતી"

---

NOG SS 0002

શીર્ષક- સંબંધોના સમીકરણ

સંબંધોના સમીકરણ

આજના આધુનિકયુગમાં દરેક સંબંધના સમીકરણ બદલાઈ ગયા છે. જો કોઈ સંબંધ બાકી રહ્યો હોય તો તે છે લાગણીના સંબંધ. આ એક જ સંબંધ એવો છે જેને કોઈ નામ કે ઉપનામ ન હોય ફક્ત ઋણાનુબંધ જ હોય. એક એવો સંબંધ જેને કોઈ બંધન ન હોય અને જેનાં સાંનિધ્યમાં કલાકો વિતાવીને પણ મન તૃપ્ત થતું જ નથી, જેનું આપણા જીવનમાં આગવુ સ્થાન હોય છે એનાં પર મારી કવિતા રજુ કરું છું.

એ લાગણીનો સંબંધ ક્યારેક કોઈ એક અમસ્તી જ ઓળખાણ હોય,
તોય મનના તાર જોડાયા હોય,
ક્યારેક મૂક કબુલાત કે સંમતિ હોય,
તોય અસ્વીકૃતિની પીડાને લાગણી હોય.
એ લાગણીનો સંબંધ
ક્યારેક થકવી દેનારો અને ગુસ્સો ઉપજાવનારો હોય, તોય પરાણે વહાલા લાગે એવાં હોય,
ક્યારેક સમાજના બંધન નડતા હોય,
તોય મદમસ્ત બનીને જીવતાં હોય.
એ લાગણીનો સંબંધ ક્યારેક સ્વેચ્છાએ આળસમરડીને માથું ઊંચકનારા હોય,
તોય મુશ્કેલીમાં સાથ ન છોડનારા હોય ,
ક્યારેક સમયાંતરે ભૂત, ભવિષ્ય કે વર્તમાન બદલનારા હોય,
તોય અનોખો માનસિક આધાર હોય.
એ લાગણીનો સંબંધ
ક્યારેક એને સમજવામાં થાપ ખાઈ જતાં હોય,
તોય પોતીકાની અંતરથી લાગણી હોય ,
ક્યારેક થાકી હારીને ફરિયાદ કરી લેતા હોય,
તોય મસ્તિષ્કમાં અવિરત એના જ વિચાર હોય
એ લાગણીનો સંબંધ જે તમને અનુભવ અને સંજોગથી જ સમજાય છે. આવા આ લાગણીઓના ધોડાપૂરને રોકવા કરતાં એ સંબંધનું મનોમંથન કરીને તો જોજો મારા વહાલા તમારું હૃદય પુલકિત અવશ્ય થઈ જશે.

જીજ્ઞા કપુરિયા

---

NOG SS NO : 0013

વિષય :પ્રેમસંબંધ ની દીવાલ ઉપર ચણતર/ પ્લાસ્ટરના હસ્તાક્ષર.

શીર્ષક : સર્જનાત્મક પ્રેમ

પ્રેમ , પ્યાર , લવ, ઇશ્ક,
મહોબ્બત બે કે ત્રણ
અક્ષરના કેવળ શબ્દો છે.
પરંતુ એના જબરજસ્ત પ્રભાવથી, અનુભવથી કોઈ આબાલવૃદ્ધ વંચિત રહી શક્યું છે ?
"It is better to love and
loss than nevar to love
at all."
"To love and to be loved" કોને નથી ગમતું ?
પ્રેમ એટલે સમસ્યાઓનો
સરવાળો અને યાતનાઓનો
ગુણાકાર. પ્રેમ એટલે
ક્ષણિક સુખ
અનંત દુઃખ.
પ્રેમમાં રહેલા કોમળ સ્પંદનો,
એકબીજામાં ઓગળી જવાની
અંતરની વેદના.
એકબીજાની કાળજી
એકબીજાની ખેવના
એકબીજાની ઉત્કટતા
પ્રેમ એટલે પવિત્ર મિલન
અસીમ પ્રેમની સચ્ચાઈ.
આપણે જેની સાથે સંબંધમાં
આવીએ અને પછી જો એને
પ્રેમ કરીએ તો એ પ્રેમ
સર્જનાત્મક હોવો જરૂરી છે.
અને આ પ્રેમ સર્જનાત્મક પ્રેમને બીજા પ્રચલિત
પ્રેમ કરતા ભિન્ન પાડ્યો છે.ખરેખર
તો પ્રેમ કોને કહેવો અને
અચાનક પ્રેમના માલિક
બની જઈ પોતાનો હક
જમાવી દેવો એને પણ લોકો
પ્રેમ કહે છે.ભલે એ ક્ષણિક
પ્રેમ હોય. હવે તો કોઈ
તરફ અનોખું આકર્ષણ થયું
હોય તો એને પણ પ્રેમમાં
ખપાવી દેવાય છે. બે જણા
દાદરા ઉપર ઊભા હોય તો
એને પણ પ્રેમથી નહીં પણ
શંકા ભરી નજરે જોવાય છે.
બે દિવસ પણ થયા ન હોય
અને એકબીજાને સાથે
જીવવાના અને મારવાના કોલ આપી દેવાય છે શું
આ સર્જનાત્મક પ્રેમ કહેવાય ?
પ્રેમ અસ્પષ્ટ નથી.
પ્રેમ ચોક્કસ છે.
પ્રેમમાં લાગણી છે.
પણ લાગણીનો અનુભવ
અનુભવે જ થઈ શકે છે.
અને જ્યારે લાગણીનો
અનુભવ થાય ત્યારે એ
સર્જનાત્મક પ્રેમ કર્યો
કહેવાય, પછી ભલે બંને
વચ્ચે મિલન થાય કે ન
થાય પણ પ્રેમ હંમેશા
સર્જનાત્મક જ રહેવાનો.
એ પછી કોઈપણ અબાલવૃદ્ધ
નો હોય.
સર્જનાત્મક પ્રેમ માટે પાત્રને
પ્રિય બનાવવા એની કાળજી
લેવી, એની જવાબદારી લેવી, એને માનપૂર્વક
લાગણીસભર રાખવી, પછી
જો સંપૂર્ણ સમજ આવી જાય
તો પ્રેમ એક સર્જનાત્મક
પ્રવૃત્તિ બની જાય છે,જેમાં
શરીર,મોહ, વાસના કે
આકર્ષણને જરા પણ સ્થાન
નથી. અને આ સર્જનાત્મક
પ્રેમ ખાલી બંને વ્યક્તિ માટે
નહીં પણ બંને કુટુંબ માટે
અને સમાજ માટે પણ હોવો
જોઈએ.
હું ને મારી વહુ
એમાં આવ્યા સહુ
આ પ્રેમ સર્જનાત્મક નથી.
કોઈ છોકરી ભણતી હોય
એને રોજ બાઈક પર ફેરવો
અને ભણતર છોડાવી ,
દાદાગીરી કરી ભાગીને
લગ્ન કરી લ્યો અને પછી
એની ઉપર માલિકીભાવ
જતાવો તો આ પ્રેમ બિલકુલ
સર્જનાત્મક નથી,કેવળ
તમારી વાસના ને સંતોષવાનું એક સાધન છે.
બે વ્યક્તિમાં એવા ગૂઢ ગુણો
હોય જેનાથી બંનેને પરસ્પરનું કુદરતી આકર્ષણ
થાય કોઈ પણ પ્રયાસ વગર
ત્યારે સર્જનાત્મક પ્રેમનું
ચણતર થાય છે.
તમારામાં પ્રેમ હોય તો તમે
સામે વાળી વ્યક્તિમાં પ્રેમ
જન્માવી શકે.

GHANSHYAM VYAS

---

NOG SS 0092

પ્રકારઃ- પદ્ય

શીર્ષકઃ- પ્રેમસંબંધની દીવાલ ઉપર ચણતર/ પ્લાસ્ટરના હસ્તાક્ષર

ઉબડ-ખાબડ સી એ ધરતી પર,
ક્યાંક સમજુતીની માટી ભરી તો ક્યાંક સમાધાનથી ખાડા કર્યા.
રચ્યો પાયો સંવાદ અને સુમેળથી,
સ્નેહ અને વફાદારીના ગારા કર્યા.
પ્રેમસંબંધનો પાયો રચાયે વર્ષો થયા,
શ્રદ્ધાની ઈંટો મેં મૂકી ને તે, ઉપર સમર્પણના ચણતર કર્યા.
વિશ્વાસ અને પ્રતિબદ્ધતાનું પાણી છાંટ્યુ,
અડીખમ સાથે જ રહેવાના સંકલ્પો કર્યા.
રચી સપનોની ઇમારત, હાડમાસ સીંચીને બેયે,
થોડા તે અભરખા મુક્યા, થોડા મેં ય જતા કર્યા.
હાથમાં હાથ પરોવી, ખભેથી ખભા મેળવી,
આવતા જો આંસૂ ક્યારેક, એકમેકની હથેળીમાં ઝીલ્યા.
તારી વેદના ટપકતી મારી આંખોમાંથી,
ને મારી ખુશીઓના તો તે માત્ર ગુણાકારો જ કર્યા.
ખીલી વસંતને ખીલ્યા પુષ્પો આપણી જીવનવાટિકામાં,
માનો કે ઇમારતને સુશોભિત કરવા પ્રભુએ રંગછાંટણા કર્યા!
થતી કોશિષ કાંગરા ખેરવવાની બહારથી ક્યારેક,
બચાવવા ઇમારતને આપણે જાતને હૈયું બેય આગળ ધર્યા.
ક્યારેક સંજોગોની એરણે ચઢયા તો ક્યારેક ઈશ્વરની કસોટી પર,
ના હથિયાર તે હેઠા મુક્યા ના મેં પારોઠના પગલાં ભર્યા.
ઉમંગોના રંગોથી સજાવતા રહયાં આપણી ઇમારતને,
સમય આવ્યે આશાઓને ફૂંકી અજવાળા આપણે કર્યા.
માનું છું પાડ ઈશ્વરનો કે તારા જેવો 'પ્રેમદૂત' મોકલ્યો,
પ્રેમસંબંધની આપણી ઇમારત પર જોને! ઈશ્વરે ખુદ હસ્તાક્ષર કર્યા.

અલકા નવિનચંદ્ર મહેતા

---

NOG. SS: 0089

પ્રકાર : ગદ્ય

વિષયઃ " પ્રેમ સંબંધની દિવાલ ઉપર ચણતર/ પ્લાસ્ટરના હસતાક્ષર"

શીર્ષક : સંબંધ સુંવાળા

રેખા શુક્લ- અમેરિકા

આજે ફરી અશુભ સમાચાર મળ્યા હવે જૂના આલબમમાં નજર નાંખવી ગમતી નથી એકાદ બે પાના ઉથલાવીએ ને દેખાય આ જતા રહ્યા અને પેલી જતી રહી ક્ષણિક જીવ્યા કે પળ પળ મર્યા. ખરતા તારાના વેરાતા ઉજાસમાં એકબીજા સામે જોતા રહ્યા. ઉપરથી જ્યોતિના લગ્નમાં બધાએ કેટલી મજા કરાવેલી તે કેમ ભુલાય. હસી મજાકમાં પ્રસંગ પાર પડયા કેટલા સારા સંબંધ હતા કે ના કોઇ વાંધા કે વચકા થયા. જ્યોતિ ને મધુકરના લગ્ન ને પાંચ વર્ષ થયા દિપુ ને પીંકી પણ ત્રણ ને બે વર્ષ ના થઇ ગયા હતા. એક સુખી ત્રિપાઠી પરિવારનો સંસાર આગળ વધી રહ્યો હતો. પિતાજી ચાલ્યા ગયા ત્યારથી ભાઇએ મળવાનું બંધ કરી દીધું . ઉપરથી મમમી ને મળવા જ ન દે. ખબર નહીં શું છુપાવાનું હતું કે ભાઇ એવું કરતો હતો. ક્યારેક પ્રેમ નો દુરૂપયોગ લેવાય ને દિલ ભાંગી પડે પણ પોતાના પતિ ને બાળકોને સાચવી કામ કરે રાખવું. ક્યારેક ન સમજાય કે આઝાદ સંબંધમાં લોકો સંબંધ શોધે છે અને સંબંધમાં કેમ આઝાદી. જોતા જોતા ઉભા થઇ જવાયું. અચાનક ફોનની ઘંટડી વાગી. તે ફોન લે તે પહેલા ડોરબેલ સાંભળી દરવાજો ખોલ્યો તો સામે મમમી ને ઉભેલા જોઇ ખુશ થઇ ગઇ.ઝટ અંદર બોલાવી લીધા પાછળ ભાઇ આવ્યો છે નહીં તે જોઇ હાશકારો થયો. અંદર આવી ગયા પછી બોલ્યા મને ઇંડિયા જવું છે મને મદદ કરીશ ને? ગયા વર્ષે તો જઇ આવેલા ને હવે પાછા ? હા મારે શ્રાવણ માસ ત્યાં કરવો છે ને રક્ષાબંધન પણ બધાને મળીશ શાંતિથી પૂજાપાઠ તો કરી શકીશ. છોકરા નાના હોય ત્યારે સમય કયાં જતો રહ્યો ને હવે સમય જતો જ નથી. જૂના ઘરમાં જઇ તારા પપપાની જૂની યાદો તાજી કરી આવું. પછી કોણે જોઇ છે?

સંબંધનું પણ એવું કે જરાક લાગણી મળે ને પાછો પાંગરી ઉઠે. આમ ભાઇની જાણ બહાર ઇંડિયા પહોંચ્યા ને બીજા જ વીકે ભાઇએ બારીમાંથી ચોંકાવયા કે મારાથી ભાગી નહી શકાય. માર પડ્યો સહી કરાવી ઘર પડાવી લીધું ગમે કે ન ગમે અમેરિકા પાછા જઇ ત્યાં જ કામ કરવાનું છે. સૂજી ગયેલા ડાબા ગાલવાળો ફોટો પાસપોર્ટ માં તે દિવસની હજુ ચાડી ખાય છે. સંબંધ પર પ્લાસ્ટર માર્યુ જીવન છે બાળ કછોરું થાય માવતર કમાવતર ન થાય. પછી આ જ વાત જ્યોતિએ દહોરાવી તો મમમી બોલ્યા કે જે સાંભળે તેને કહેવાય..!!

બાળકોના ભાવિ માટે પહેલા વિચારતી મા એ કેટલું સમજવાનું? કેટલું જતુ કરવાનું ? કોનું કોનું કરે જ રાખવાનું ? આમ સંબંધની દિવાલ પર કાચું પાકું ચણતર કરાયું.આજે પંદર વર્ષે બાળકોથી દૂર પોતે પણ તે જ સ્થાને આવી ઉભી ? જ્યોતિ ધબ બેસી પડી. દરેક જણ પોતાનો પૂરતો પ્રયાસ કરે ક્યાંક કશું છૂટી પડે. વર્ષો જાયને સમજણ આવે યાદોના પ્લાસ્ટર ના પોપડાં ઉખેડી પડે ભીની આંખો દિવાલ ભીંજે. જ્યોતિ ની ઉંચાઇ નો વધતો આંક જોઇ બધું યાદ આવી ગયું ને મમમી હસી પડી. સંબંધનો મિનાર લાગણીનું પાણી ને યાદોનું ચણતર બસ બધું કડડડડ ભૂસ !

રેખા શુક્લ.અમેરિકા

---

NOG..S.S.NO:- 0032

સાહિત્ય સરિતા

વિષય :પ્રેમસંબંધની દીવાલ ઉપર ચણતર/ પ્લાસ્ટરના હસ્તાક્ષર.

પ્રકારઃ ગદ્ય (વાર્તા)

શીર્ષક :રઘલાની રઘલી

રંગપૂર નામે ગામ હતુ..ગામના પાદરમાં એક વડલો અને વડલાની વડવાઈએ હીંચેકો... સુંદર મજાનો ચોરો અને સાંજ પડે મંદિરની ઝાલર વાગે.

ગામ બહુ પછાત હતું. લગભગ બધા અભણ હતા.એમાં એક રવજીભાઈ શેઢાનું ઘર. એના દિકરાનુ નામ રઘલો. બાળપણથી સગપણ થયા હતાં. એની વહુનું નામ રઘલી. બંને વચ્ચે ખૂબજ પ્રેમ.ખોળિયા નોખા પણ જીવ એક. બાળપણથી રઘલાએ રટ લીધી ભણવાની. નાના કાળા સૂપડાં પર ક,ખ,ગ,ઘ લખતો.ગામથી દૂર પગપાળા એક શાળામાં ભણવા જતો.હોશિયાર બહુ હતો ભણવામાં.રઘલો અને રઘલી જોત જોતામાં મોટા થઈ ગયા. લગ્ન લેવાયા...

સમય પસાર થતા રઘલાના બાપુ ને ભગવાનનું તેડુ આવ્યું..પરલોક સિધાવ્યા પછી રઘલાની માડી પણ ટૂંકી માંદગીમાં મરી ગઈ.રઘલી અભણ હતી. દેખાવે ભીનેવાન પણ સુંદર એવી રઘલી અભણ પણ હિસાબે કિતાબે હોંશિયાર હતી રઘલો ભણી ગણી શહેરમાં નોકરી મળી.તેથી રઘલીને એકલી ગામ મૂકી શહેર ગયો.

રજામાં ઘેર આવતો.રઘલો જયા નોકરી કરતો એ મેડમે એને પરદેશ નોકરી માટેની ઓફર કરી રઘલો મૂંઝવણમાં મૂકાયો . પણ સારી કમાણી મળશે એ જાણી હા પાડી...

હવે રઘલાએ એની રઘલી ને વાત કરી રઘલી માની ગઈ.રઘલીને ચડતા દિ હતા. રઘલીની એક દૂરની માસી ને ત્યાં મૂકી રઘલો પરદેશ નોકરી કરવા હાલ્યો.સુંદર સુશિલ સરળ અલ્લડ રઘલીનો રઘલો અમેરિકા જેવા દેશમાં નોકરી જવા નીકળ્યો એટલે થોડી ઉદાસ હતી.એને મનમાં થતુ હતું કે દરિયા પાર દેશમાંથી રઘલો કયારે પાછો આવશે?

રઘલી દિવસ રાત રઘલાને યાદ કરી વિતાવે છે અને ૩ વિઘા જમીનમાં પેટ્યું રળી ખાય છે.

વાસીદુ કરે. કૂવેથી પાણી ભરી આવે.ગાયો ચારવા લઈ જાય.અને માસી સાથે આરામથી સમય વિતાવે છે.૯ મહિના થતા એને પેટે દિકરી જન્મે છે.

આ બાજુ પરદેશ માં એક દિવસ રઘલો મેડમ સાથે કારમાં ઓફિસથી ઘેર આવતો હતો .

વાતચીત દરમ્યાન મેડમે રઘલાને લગ્નની ઓફર કરી. બિચારો રઘલો અવાક્ થઈ ગયો.

રઘલાએ મેડમ ને કહ્યુ, મારી રઘલી મારી ઘેર રાહ જુએ છે.અને મેડમને માથે જાણે વીજળી પડી.. અને એક કારમો અકસ્માત થયો.રઘલાને બહું નહોતું લાગ્યું પણ મેડમ પથારીવશ થઈ ગયા. હોસ્પિટલમાં રઘલો મેડમની સેવા કરે છે.

રઘલી જયા કામ કરતી હતી ત્યાં રઘલાએ ફોન કર્યો. અને બધી માંડીને વાત કરી.ત્યારે રઘલીએ એટલુ જ કહ્યુ કે મેડમજીને આપણે ત્યાં લઈ આવો હું એમની સેવા કરીશ.આપણે ત્રણેય સંપીને રહીશું. આમ પ્રેમ સંબંધની દિવાલ પર પ્રેમનાં પલાસ્ટરનાં હસ્તાક્ષર થયા.આવી હતી રઘલાની રઘલી.ભલે ગમાર પણ લાગણીશીલ...

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

# ગ્રામ પંચાયતથી શરુ કરો લોકશાહીની રખેવાળી.

શાસન અને સત્તા બદલાય ત્યારે રાજકારણીઓ બુમો પાડીને કહે છે કે પાછલા શાસનના ખાડા પૂરું છું અને પાછલે બારણેથી ખીસા ભરે છે તે હકિકત અનેક વખત પુરવાર થઈ ગઈ છે.

સરકારી રેકર્ડ માગો તો..મસમોટાં કૌભાંડની ફાઈલો ગુમ યા આગ લાગે છે અને નાશ કરવામાં આવે છે. આપણાં સ્વરાજની શરુઆત ગામડે ગામથી શરૂ થાય છે. ગામનાં લોકો ભોળા, અશિક્ષિત અને વડીલોની આમાન્યા રાખતાં જોવાં મળે છે. આનો ગેરલાભ ભ્રષ્ટાચારીઓ ઉઠાવે છે. ગુજરાતની સાડા છ કરોડ ગુજરાતીઓ જનતાને અહીં રજૂ કરેલી માહિતી અધિકાર ૨૦૦૫ મુજબઃ માહિતી માટેની અરજી પોતપોતાના ગામના ગ્રામ પંચાયત કચેરીમાં ફક્ત રૂપીયા વીસનું રોકાણ કરી પહેલ કરવા અપીલ છે.

ઉદાહરણ રૂપે અખબારના માધ્યમથી જનહિતમાં જાહેર કરવામાં આવે છે.

××પ્રતિશ્રી માહિતી અધિકારી એવમ તલાટી કમ મંત્રીશ્રી,

ગામનું નામ .....................

તાલુકો...................

જિલ્લો......................

સાદર જણાવવાનું કે અમો આઝાદ ભારતના નાગરિકને મળેલા માહિતી અધિકાર મુજબ નીચેની માહિતી માગી રહ્યા છીએ.

તમામ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી એ જાહેર સેવા સત્તા મંડળના માહિતી અધિકારી છે. સરકારના કાયદાનું પાલન કરવાની એમની ફરજ છે.

માહિતીના મુદ્દાઓ.

(૧) તાજેતરમાં ગ્રામપંચાયતની ચૂંટણી સંપન્ન થઈ છે જુના હોદ્દેદારોની જગ્યાએ ગામના લોકોએ ચુંટેલા કે બિનહરીફ નિમાયેલા સરપંચશ્રી અને ગ્રામ પંચાયતના હોદ્દેદારોને આપની મધ્યસ્થી હાજરીમાં જુના હોદ્દેદારોએ ગ્રામપંચાયત કચેરીમાં સાચવવા શ્રેણીના તમામ દસ્તાવેજોનો સમાવેશ કરતા ચાર્જની આપ-લે કરવામાં આવેલ છે એ દસ્તાવેજોનો ચાર્જ આપ લે કરતી વખતે આપશ્રીએ કરેલ, કરાવેલ રોજકામપત્રની પ્રમાણિત નકલ અને ચાર્જ આપ્યા અને લીધા અંગેના જુનાસરપંચ અને નવાસરપંચ તથા અન્ય પદાધિકારીઓની સહી સિક્કા વાળી આ પત્રની પ્રમાણિત નકલ અમોને પૂરી પાડશો.

(૨) આપની ગ્રામ પંચાયતની કચેરીમાં સાચવવાના દસ્તાવેજોના નામ પ્રકારની યાદીની માહિતી અમોને આપશો.

(૩) આપની ગામપંચાયતની કચેરીમાં હાલ જે દસ્તાવેજો મોજૂદ છે તે દસ્તાવેજના પ્રકાર પ્રમાણે તેને સાચવવાની નામજોગ સમયમર્યાદાની માહિતી આપશો.

( ૪) આપની કચેરીમાં હાલ માહિતી અધિકારી તરીકે ફરજ બજાવતા જાહેર સેવકનું નામ હોદ્દો અને સરનામાની માહિતી આપશો.

( ૫ ) આપની કચેરીના માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ મુજબ નક્કી કરવામાં આવેલા અપીલ અધિકારીના નામ, હોદ્દા ,અને સરનામાની માહિતી આપશો.

(૬) વિસર્જન થયેલ ગ્રામ પંચાયતના હોદ્દેદારો અને નવ નિયુક્ત થયેલ ગ્રામપંચાયતના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના નામ સરનામાની માહિતી આપશો.

(૭) આપની કચેરીમાં ગુજરાત સરકારના કાયદા×××રાઈટ ઓફ સિટીઝન પબ્લિક સર્વિસ એક્ટ ૨૦૧૩××નું જે તારીખથી અમલ કરવામાં આવ્યું હોય એ તારીખની માહિતિ અને RCPS ACT મુજબના અધિકારીઓના નામની માહિતી આપશો.

અમારી આ આરટીઆઇ એકટ હેઠળની અરજીની ફી પેટે રૂપિયા ૨૦ રોકડેથી/ કોર્ટ ફી ટિકિટ લગાવીને /ચલણથી /મની ઓર્ડર થી/ડીમાંડ ડ્રાફ્ટથી (કોઈ પણ એક રીતે ચૂકવી શકાય. અરજી આરપીએડી પોસ્ટથી મોકલી શકાય રૂબરૂ જવાની જરૂર નથી. )આપશ્રીને અદા કરી રહ્યા છીએ. નાણાં સ્વીકાર્યાની પહોંચ આપવાં યોગ્ય કરશો.

અમારી આ અરજી નિયત સમયમાં નોંધ કરી આઈ ડી નંબર ફાળવી અરજી સ્વીકૃતિપત્ર નિયત નમૂનામાં પત્ર પ્રત્યુત્તર અમને પાઠવશો.

તમામ માહિતી પ્રમાણિત પત્રોથી આપશો. જો માહિતી આપની કચેરીમાં ના હોય તો આરટીઆઇ એકટ મુજબ જે તે જવાબદાર જાહેર સેવા સત્તા મંડળમાં દિન પાંચમાં તબદીલ કરી એ પત્રની અમોને વિધિવત સમયમર્યાદામાં જાણકારી આપશો.

સહકારની આશા સહ.

અરજદારનું નામ oooooooooooooooooooo

અને સહી oooooooooooooooooooooo

અરજદારનું સરનામું oooooooooooooooooooooooooooooooooooooooooo

અરજદારનો નંબરoooooooo

તારીખoooooooooooo

વાચક મિત્રો, જયારે સત્તા અને શાસન બદલાય છે કે કોઈ અધિકારીની બદલી થાય છે ત્યારે જે તે કચેરીનાં તમામ મોજૂદ દસ્તાવેજો ફાઈલો, રેકર્ડ , ફર્નિચર નું રોજકામ ઉપર નોંધ કરી ચાર્જની આપલે થાય છે.ગામડા લેવલે આ ફરજ બજાવવાનું કામ તલાટી કમ મંત્રીનું હોય છે. જુના હોદ્દેદાર પાસેથી નવા હોદ્દેદારોને ચાર્જ અપાવવાનું તલાટી, મામલતદાર અને જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયતનું હોય છે. અત્રે ઉપર જણાવ્યા મુજબ માહિતી માટેની અરજી કરી શકાય છે. આ માહિતી માગવાનો અને જાણવાનો જનતાને અધિકાર છે. જો આ બાબતે વધું મદદની જરૂર હોય તો અમારા અખબારના પ્રતિનિધિનો ૯૯૦૪૦ ૧૨૧૬૯ ઉપર સંપર્ક કરી શકો છો.

# જૈન જાગૃતિ સેન્ટર નાં પ્રમુખ તરીકે મેહુલ કુમાર દેવદત્તભાઈ જૈનની વરણી કરવામાં આવી

પાટણ શહેરમાં અનેક સેવાકીય સંસ્થાઓ માં અને ધાર્મિક સંસ્થાઓમાં હંમેશના માટે તન મન અને ધનથી સહયોગી બનનારા અને માનવતાની સેવા સાથે જીવદયાની ભાવના ને ઉજાગર કરનાર જૈન સમાજ નાં દાતા પરિવાર નાં મેહુલ કુમાર દેવદત્તભાઈ જૈનની શહેર માં છેલ્લા ૨૬ વર્ષે થી કાર્યરત સંસ્થા જૈન જાગૃતિ સેન્ટર નાં વર્ષે ૨૦૨૨-૨૩ માટે પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જૈન સમાજના યુવા દાનવીર દાતા મેહુલ કુમાર ની પાટણ જૈન જાગૃતિ સેન્ટર નાં પ્રમુખ તરીકે ની વરણી ને જૈન સમાજ સહિત અન્ય સમાજ સાથે વિવિધ સેવાકીય, ધાર્મિક સંસ્થાઓ એ આવકારી શુભેચ્છાઓ પાઠવતાં સૌનો મેહુલ કુમાર જૈન દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો

